સોનીબજાર મિત્ર મંડળ દ્વારા રાહત દરે ફુલ સ્કેપ ચોપડાનું વિતરણ

શ્રી સોનીબજાર મિત્ર મંડળ દ્વારા સમસ્ત સોની સમાજના વિદ્યાર્થીઓ માટે રાહત ભાવે ફુલ સ્કપે ચોપડા (નોટબુક) વિતરણ તા.૨૮ને રવિવારના રોજ સવારે ૧૦ થી ૨ સુધી વાઘેશ્વરી એજયુકેશન સેન્ટર, પેલેષ રોડ, રામ ઓર શ્યામ ગોલાવાળી શેરી ખાતે કરવામાં આવેલ છે. આ કાર્યક્રમને સફળ બનાવવા નયનભાઈ રાણપરા, વિનુભાઈ ફીચડીયા, નિલેશભાઈ લોલારીયા, જગદીશભાઈ આડેસરા, રાજુભાઈ પી. રાણપરા, સહીતના સભ્યઓ જહેમત ઉઠાવી રહયા છે.

રાજકોટ મનપા દ્વારા પકડાયેલા શ્વાનો પર આચરાતી ક્રૂરતા: ખસીકરણના ખામીયુકત ઓપરેશનથી મોતને ભેટતા શ્વાન

રાજકોટ તા.૨૫

રાજકોટ મહાનગરમાં છેલ્લા ઘણા સમયથી રસ્તે રઝળતા શ્વાનોને ખસીકરણ કરવા મનપા તંત્ર હરકતમાં આવ્યું છે. ત્યારે આવા મૂક અને વફાદાર ગણાતા પ્રાણીઓ સાથે ખૂબ જ ક્રૂરતા આચરવામાં આવે છે. તેવુ રાજકોટના જીવદયા પ્રેમીઓના ધ્યાને આવતા તંત્રના અધિકારીઓને ફોન પર રજુઆત કરતા તંત્ર દ્વારા ઉડાવ જવાબ આપવામાં આવેલ હતો.

શ્વાનોને ખસીકરણ માટે લઈ ગયા પછી તેની શું હાલત થાય છે તે વિશે રજતભાઈ બક્ષી, મીતભાઈ માંકડની આગેવાનીમાં જીવદયા પ્રેમીઓએ કોર્પોરેશનના શાસકો અને તંત્રની સામે આક્રોશ ઠાલવતા જણાવ્યું હતું કે મ્યુનિસિપલ કોર્પોરેશન ઘણા સમયથી ખસીકરણ માટે શ્વાનોને પકડી જાય છે. ત્યારે અમુક શ્વાનોના ઓપરેશન ખામીયુકત કરવાના કારણે તથા અધુરા ઓપરેશન એટલે કે ઓપરેશન બાદ ટાંકા પણ સરખા લેવાતા ન હોવથી આવા શ્વાનો મોતને ભેટે છે. ખસીકરણ માટે શ્વાનોને લઈ જવાય છે ત્યારે તેને સતત ત્રણ દિવસ એક જ જાળી (નેટ)માં બાંધી રાખવામાં આવે છે. જયાં તેના પર અમાનુષી ત્રાસ ગુજરાય છે. ઓપરેશન બાદ તેની હાલત એટલી બધી ગંભીર, બદતર થઈ જાય છે કે તેનો ઘા રૂઝાતો નથી ઉપરાંત ખુલ્લા ટાંકે તેને જે તે વિસ્તારમાં છોડી દેવામાં આવે છે. પરિણામે શ્વાનોની સ્થિતી એટલી નાજુક બની જાય છે કે તેમાંથી મોટાભાગના મોતને ભેટે છે.

આ સમયમાં તેનામાં રોગ પ્રતિકારક શકિતનો અભાવ હોય છે. તેથી તેને ઈન્ફેકશન લાગી જાય છે અને મૃત્યુને ભેટે છે. અને કેટલાક શ્વાનો હડકાયા બને છે. તેમજ ઓપરેશનવાળા ખામીયુકત શ્વાનોને છુટા મુકી દેતા શ્વાનોનું મોતનું પ્રમાણ રાજકોટ શહેરમાં ખુબ વધતા શ્વાનોના મોત ઉપર સવાલ ઉઠતાં જીવદયા પ્રેમીઓમાં રોષ ફાટી નીકળ્યો છે.

ગુજરાત સરકારમાં જીવદયા પ્રેમીઓ શાસન કરી રહયા છે ત્યારે રાજકોટ મહાનગરપાલિકાના અધિકારીઓ શાસકો દયાહિન બનતા જીવદયા પ્રેમીઓમાં નારાજગી જોવા મળે છે. શ્વાનોના ખામીયુકત ઓપરેશન અને ટાંકા લીધા વિના મરવા માટે છોડી મુકાતા શ્વાનો મટો કોર્પોરેશનનું તંત્ર ઉણું ઉતર્યુ છે.

રાજકોટનો કલાકાર જયેશ ઠાકોર બોલીવુડમાં ધુમ મચાવશે

આધુનિક કહીના પ્રખ્યાત સીંગર અમી મીત્રા અને મ્યુઝીક ડાયરેકટર કુનાલ વર્માના આલ્બમમાં મુખ્ય હિરો તરીકે રાજકોટના કલાકાર જયેશ ઠાકોર, ભૂમિકા ભજવી રહયા છે. તેઓ અગાઉ સાત ગુજરાતી ફિલ્મો કરી ચુકયા છે, જેનું શુટીંગ, દિવ, રાજકોટ, મુંબઈ અને ગોવામાં કરવામાં આવ્યું છે.

ઓપન રાજકોટ ચેસ ટુર્નામેન્ટનું ઉદઘાટન

સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત રાજકોટ શહેર પોલીસ આયોજીત બાલભવન રાજકોટના સહયોગથી ગેસ્ફોર્ડ ચેસ કલબ રાજકોટ દ્વારા ઓપન રાજકોટ ચેસ ટુર્નામેન્ટનું પોલીસ કમીશ્નર રાજકોટ શહેર અનુપમસિંહ ગેહલોત તથા ગેસ્ફોર્ડ ચેસ કલબના નટુભાઈ સોલંકી, પ્રમુખ, કિશોરસિંહ જેઠવા સેક્રેટરી, હર્ષદભાઈ ડોડીયા, દિપકભાઈ જાની, કાલીદાસભાઈ વ્યાસ, મહેશભાઈ વ્યાસ, વિગેરે દ્વારા દિપ પ્રગટાવી ઉદઘાટન કરવામાં આવેલ હતું. કમીશ્નર એ ચેસની પ્રથમ મુવ કરી વિધિવત ટુર્નામેન્ટ ચાલુ કરેલ હતી. કમીશ્નર એ ચેસની પ્રથમ મુવ કરી વિધિવત ટુર્નામેન્ટ ચાલુ કરેલ હતી. આ ચેસ ટુર્નામેન્ટમાં કુલ ૪ પ્રકારની ટુર્નામેન્ટ અન્ડર ૧૨, અન્ડર ૧૬, લેડીઝ અને ઓપન સીનીયર ભાઈઓ માટેની હતી જેમાં કુલ ૨૦૦ જેટલા ખેલાડીઓએ ભાગ લીધેલ હતો.

ચૌહાણ પરિવારનું ગૌરવ

રાજકોટ રહેતા અને કડીયા કામ કરતા મનીષભાઈ ચૌહાણના પુત્ર સાવંતે ગુજકેટમા ૯૯.૩૦ પી.આર. મેળવી ચૌહાણ પરિવારનું ગૌરવ વધાર્યુ છે. ધો.૧૨ અને ગુજકેટમાં સફળતા માટે સાવંત મનીષભાઈ ચૌહાણ જણાવે છે કે ટાઈમ મેનેજમેન્ટના કારણે મને સફળતા મળી છે.

આહિર જ્ઞાતીનું ગૌરવ

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા ચેરીટી તંત્રના કર્મચારીઓની હાયર લેવલ સવર્ગની ખાતાકીય પરીક્ષા, ગાંધીનગર ખાતે યોજાયેલ હતી. જેમાં પરીણામ જાહેર થતા સંયુકત ચેરીટી કમીશનરની કચેરી, ચેરીટીતંત્રની જાહેર ટ્રસ્ટોની નોંધણી કચેરી, રાજકોટમાં ફરજ બજાવતા, ઈ.ચા. ઈન્સ્પેકટર અમરુભાઈ એચ. ચાવડા ગુજરાત રાજયમાં બીજા ક્રમે ઉતીર્ણ થયેલ છે. ગુજરાત રાજયમાં બીજા ક્રમે પરીક્ષા પાસ કરી અમરુભાઈ એચ. ચાવડાએ આહિર જ્ઞાતીનું ગૌરવ વધારેલ છે. જે બદલ તેઓને તેઓના મો. નં. ૯૪૨૮૮૮૯૩૪૮ પર ચેરીટીતંત્રના અધિકારીઓ તથા આહિરજ્ઞાતીના આગેવાનો અને કર્મચારીઓ તથા સ્નેહીજનો તેમજ મિત્રો તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

પી.એચ.ડી. થયા

ક્ષત્રિય સમાજના નારીરત્ન ભાવનાબા સુજાનસિંહ ગોહિલે તાજેતરમાં પી.એચ.ડી.ની પદવી પ્રપ્ત કરી છે. તેમને બી.એ.એમ.એ. અને એમ.ફીલમાં ડીસ્ટીકશન સાથે ઉતીર્ણ થઈ મહારાજા કૃષ્ણકુમારસિંહજી વિશ્વ વિદ્યાલય ભાવનગરથી હિન્દી વિષય સાથે પી.એચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે. આ તકે તેમને માતા–પિતા તેમજ ભાવનગર મુલાકાત સહકારી અગ્રણી અને ગુજરાત રાજય સહકારી સંઘના ઉપપ્રમુખ સહીતના અગ્રણીઓ શુભેચ્છા પાઠવી હતી.

યુવા ભાજપ ઉપપ્રમુખ ઉદય કાનગડનો આજે જન્મદિવસ

વોર્ડ નં.૧૪ના યુવા ભાજપ ઉપપ્રમુખ ઉદય કાનગડનો આજે જન્મદિવસે ૨૮ વર્ષ પુર્ણ કરી ૨૯ વર્ષમા મંગલપ્રવેશ કરશે. તેઓ યુવા ભાજપ ઉપપ્રમુખ તરીકે ફરજ નીભાવે છે. તેમજ તેઓ 'શકિત યુવા ગ્રુપ' સાથે જોડાઈ અનેક સામાજિક સેવા કાર્યો કરે છે. તેમના જન્મદિન નિમીતે મો. ૯૭૨૩૦ ૩૨૧૩૯ પર ઠેરઠેર શુભેચ્છા મળી રહી છે.

યોગ ઈફેકટ ૫૮ વર્ષીય મુકેશ જાનીની બહેરાશ દૂર થઈ અને સાંભળતા થયા

રાજકોટમાં રહેતા અને ટ્રાવેલ્સનો બીઝનેશ કરતા મુકેશભાઈ પ્રાણલાલભાઈ જાની છેલ્લા ૯ માસથી પ્રોજેકટ 'લાઈફ'ના યોગ કલાસમાં જોડાઈને કાનની બહેરા તેમજ બી.પી. ડીપ્રેશન અને વાંસાનો દુઃખાવો દુર થઈ ગયા છે. તેમણે 'લાઈફ'ના યોગ નિષ્ણાંત અભિષેક દ્વિવેદી દ્વારા નિયમિત રીતે યોગ અભ્યાસ કરી રોગ મુકત બન્યા છે.

વોર્ડ નં.૧૧ના કોર્પોરેટર પરેશભાઈ હરસોડાનો કાલે જન્મદિવસ

વોર્ડ નં.૧૧ના કોર્પોરેટર પરેશભાઈ હરસોડાનો આવતીકાલે જન્મદિવસ છે. તેઓ જીવનના ૩૬ વર્ષ પુર્ણ કરી ૩૭મા વર્ષમાં મંગલ પ્રવેશ કરશો. તેમજ તેઓ ૧૧ વર્ષથી સત્યમ શરાફી સહકારી મંડી ચેરમેન તેમજ સત્યમ એજયુ. એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટનું પ્રમુખ પદ ધરાવે છે અને અનેક વિવિધ સામાજિક શૈક્ષણીક અને સેવાકીય પ્રવૃતિઓ સાથે જોડાયેલા છે. તેમના જન્મદિવસે મો. ૯૭૧૪૧૦૬૪૨૨ પર અભિનંદન વર્ષ થઈ રહી છે.



બાલભવન દ્વારા જુડો તાલીમનો વર્કશોપ યોજાયો બાલભવન રાજકોટ દ્વારા વેકેશન વર્કશોપનું આયોજન દર વર્ષની જેમ આ વર્ષે પણ કરવામાં આવેલ છે. જેમાં ૫ થી ૧૬ વર્ષના બાળકોમા અંદર રહેલી શકિતને જાગૃત કરવા, તેઓનું મનોબળ મજબુત બને તથાબુધ્ધિ ક્ષમતાનો વિકાસ થાય તેવા બુધ્ધિગમ્ય, મનોરમ્ય વર્કશોપનું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત જૂડો તાલીમના વર્કશોપ યોજવામાં આવેલ હતો. જેમા ૨૦ જેટલા બાળકોએ ભાગ લીધેલ હતો. બાળકોની શારીરિક શકિતનો વિકાસ થાય અને કસરતથી તંદુરસ્ત શરીર બને તે હેતુથી આ તાલીમ પુરી પાડવામાં આવેલ અશફાક ઘુમરાએ પોતાની સેવા પુરી પાડેલ હતી.

સમગ્ર સહકારી ક્ષેત્રે–બેન્કમાં કામ કરતા કર્મચારીઓ માટે ચાલુ નોકરીએ એમબીએ કરવાની સુવર્ણતક

રાજકોટ તા.૨૫



સમગ્ર સહકારી ક્ષેત્ર, ખાસ તો બેન્ક, કોપોરેટ ક્ષેત્ર, ડેરી, સહકારી મંડળી વગેરેમાં કાર્ય કરતા નોકરીયાતો માટે શુભ સમાચાર આવ્યા છે. આપની હાલની નોકરીને જરા પણ ડિસ્ટર્બ કર્યા વગર, ચાલુ નોકરીએ જ એમબીએ (બેન્કિંગ એન્ડ ફાયનાન્સ)નો કોર્સ કરવાની સુવર્ણ તક ઉપલબ્ધ થઈ છે.

સહકારી અગ્રણી અને ગુજરાત અર્બન કો–ઓપરેટીવ બેન્કસ ફેડરેશનના ચેરમેન જયોતીન્દ્રભાઈ મહેતા અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડો. પ્રતાપસિંહ ચૌહાણની સંયુકત યાદીમાં જણાવાયું છે કે, 'આજના સમયમાં દરેક ક્ષેત્રમાં માર્કેટીંગનો ટ્રેન્ડ છે. કાર્યપધ્ધતિમાં પણ પ્રોફેશનલિઝમ જોવા મળે છે. આ માહોલમાં અને આવનારા સમયમાં કર્મચારી સમયની સાથે તાલ મિલાવી શકે તે માટે એમબીએના કોર્સનું આયોજન કરાયેલું છે.

ગુજરાત અર્બન કો–ઓપરેટીવ બેન્કસ ફેડરેશનના સેન્ટર ફોર બેકિંગ રિસર્ચ ડેવલપમેન્ટ એન્ડ એકસલન્સ અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સંયુકત ઉપક્રમે કામ કરતા કર્મચારીઓને ચાલુ નોકરીએ એમબીએ કરવા માટેનું આયોજન કરવામાં આવેલ છે. આ કોર્સના કલાસીસ દર માસનાં બીજા અને ચોથા શનિવારે અને દરેક રવિવાર તેમ જ રજાના દિવસોમાં કરવાના રહેશે. આ ઉપરાંત બાકીના દિવસોએ ઓછામાં ઓછા બે કલાક ઓનલાઈન ટ્રેનિંગ મેળવવાની રહેશે. વધુમાં આ કોર્સની ફી ફકત રૂા. ૧૯ હજાર પ્રતિ સેમેસ્ટર રાખવામાં આવેલ છે અને સંપુર્ણ કોર્સ પાંચ સેમેસ્ટરનો રહેશે. સૌરાષ્ટ્ર–કચ્છ અને સમગ્ર ગુજરાતનાં કર્મચારીઓ માટે ઓછી મળતી તક સમાન આ કોર્સ રાજકોટમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખોત યોજાશે. આ ઉપરાંત અમદાવાદ ખાતે પર્યાપ્ત સંખ્યા થશે તો ત્યાં પણ કોચીંગની સુવિધા આપવામાં આવશે. વધુ વિગત માટે જે.વી. શાહના મો. નં. ૯૪૨૭૬૧૩૭૦૬ પર સંપર્ક કરી શકાશે.

સાંજ સમાચાર સીટી રાઉન્ડ-અપ

આકાશવાણી સંગીત સ્પર્ધા

દર વર્ષની જેમ મહાનિર્દેશાલય આકાશવાણી નવી દિલ્હી દ્વારા આકાશવાણી સંગીત સ્પર્ધા ૨૦૧૭નું આયોજન તા.૧૦ જુલાઈથી ૨૮ જુલાઈ દરમ્યાન કરવામાં આવશે. જેમાં ૧૬થી ૨૪ વર્ષની ઉંમરના ઉમેદવારો ભાગ લઈ શકશે. આ સ્પર્ધા માટે અરજીપત્ર મેળવવા આકાશવાણી કેન્દ્ર રાજકોટ ખાતે સંપર્ક કરવો.

મસા નિર્મૂળ કેમ્પ

મસા નિર્મૂળ કેન્દ્ર દ્વારા વિનામૂલ્યે તા.૨૭ અને ૨૮ને સવારે ૧૦ થી ૬ સુધી એસ્ટ્રોન સોસા. કોમ્યુનિટી હોલ સામે, એસ્ટ્રોન સોસાયટી શેરી નં.૭ અમીન માર્ગ ખાતે મસા નિર્મૂળ કેમ્પ યોજાશે. જેમા ચહેરા, ગરદન કે શરીરના બાહય ભાગમાં રહેલા નાના–મોટા મસાની નિદાન કરવામાં આવશે.

સ્નેહ મિલન

ઔદિચ્ય ઝાલાવાડી બ્રહમસમાજનું તા.૧૧ને રવિવારે સાંજે ૬ કલાક નોંધણી રંગ ભવન, ભકિતનગર સર્કલ ખાતે પ્રથમ સ્નેહ મિલનનું આયોજન કરવામાં આવેલ છે.

ધોબી સમાજ જોગ

નવ જાગૃતિ યુવક મંડળ દ્વારા સોરઠીયા ધોબી સમાજ માતાજીનો નવરંગ માંડવો તા.૨૮ને રવિવારના રોજ સવારે ૭ વાગ્યે ધોબી સમાજની વાડી ૧૭/૧૮ ખુણો અલ્પેશ રોડ વેઝ પાસે અટીકા ઈન્ડસ્ટ્રીઝ ઝોન, રાજકોટ ખાતે રાખેલ છે.

સન્ડે ધ્યાન સેશન

ગુરૂમા ધ્યાન સેન્ટર દ્વારા દર રવિવારે સવારે ૭ થી ૮:૩૦ સુધી દરબાર ગોપાલદાસ હોલા રાષ્ટ્રીય શાળા, મનહર પ્લોટ ખાતે સન્ડે ધ્યાન સેશન યોજાશે.

વોલીબોલ ટુર્નામેન્ટ

ઉમિયા સ્પોર્ટસ કલબ અને સુરક્ષા સેતુ સોસાયટીના સંયુકત ઉપક્રમે સૌરાષ્ટ્ર યુનિ. રોડ આકાશવાણી ચોક, એસ.એન.કે. સ્કુલની પાછળના ગ્રાઉન્ડ ખાતે તા.૨૭ના સાંજે ૭.૩૦ કલાકે એક દિવસીય વોલીબોલ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ છે.

ઔ.ઝાલાવાડી બ્રહ્મસમાજનું પ્રથમ સ્નેહમિલન ૧૧ જુને

રાજકોટ તા.૨૫

ઔદિચ્ય ઝાલાવાડી બ્રહ્મસમાજ રાજકોટનું પ્રથમ સ્નેહમિલન તા.૧૧ જુન રવિવારના રોજ સાંજે ૬ વાગ્યે મેઘાણી રંગભવન, ભકિતનગર સંકલ, રાજકોટ ખાતે રાખેલ છે. ઉપરોકત કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છુક તથા ઔદિચ્ય ઝાલાવાડી બ્રહ્મસમાજમાં જોડાવવા ઈચ્છતા ભુદેવોએ શૈલેષભાઈ પી.રાવલ-૯૮૨૪૪ ૨૫૮૭૮, કિશોરભાઈ કે.જાની-૯૯૯૮૨૩૮૪૨૯ ભાવનાબેન આર.જોશી-૯૯૦૯૨ ૦૦૦૬૭, શ્રીમતી હેમાનીબેન બી.રાવલ-૯૯૯૮૯૬૮૧૫૦, કેતનભાઈ કે.જોશી-૭૫૬૭૬૮૮૩૦૨ ઉપર સંપર્ક કરવા સંસ્થાની યાદીમાં જણાવાયું છે.

રાજકોટ શહેર ભાજપ મહિલા મોરચાના પ્રમુખ પદે નયનાબેન પેઢલીયા

લાંબા સમય બાદ મહિલા મોરચાના સંગઠનની રચના

પ્રદેશ ભાજપ પ્રમુખ જીતુભાઈ વાઘાણીના નેતૃત્વમાં ગુજરાતભરમાં ભારતીય જનતા પાર્ટીના સંગઠનનો વ્યાપ વધે તેવા આશયથી સંગઠન પર્વ અંતર્ગત વિવિધ મોરચાના હોદેદારોની નિયુક્તિ કરવામાં આવી રહી છે તે અંતર્ગત શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીએ રાજકોટ શહેર ભાજપના વિવિધ મોરચાઓના હોદેદારોની વરણી કરેલ છે. તે અંતર્ગત આજરોજ શહેર ભાજપ મહિલા મોરચાના પ્રમુખ તરીકે નયનાબેન પેઢડીયા, મહામંત્રી તરીકે પુનીતાબેન પારેખ તથા કીરણબેન માંકડીયાની વરણી કરવામાં આવેલ છે.

આ હોદેદારોની વરણી કરતા શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીએ જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટી કાર્યકર્તા આધારીત છે અને પાર્ટીના પ્રત્યેક કાર્યકર્તામાં છેવાડાના માનવીનો વિકાસ થાય અને કેન્દ્ર સરકાર તથા રાજય સરકારની લોકકલ્યાણકારી યોજનાઓનો લાભ લોકોને વધુને વધુ મળે અને સાથોસાથ ભારત માતાનું ગૌરવ વધે તે વાત કાર્યકર્તાના દિલમાં પડેલી છે. ત્યારે મહીલા મોરચાના માધ્યમથી રાજય સરકારની વિવિધ યોજનાઓથી મહિલા સશક્તિકરણ થાય અને મહીલાઓ ખરા અર્થમાં પુરુષ સમોવડી થાય અને પગભર થાય તે માટે અનેકવિધ યોજનાઓનો મહિલાઓને વધુનેવધુ લાભ મળે તેવા આશયથી શહેર ભાજપ મહિલા મોરચાના હોદેદારોની વરણી કરવામાં આવેલ છે ત્યારે આ નવનિયુક્ત શહેર મહીલા મોરચાના પ્રમુખ નયનાબેન પેઢડીયા (મો.નં. ૯૪૨૮૨ ૩૩૧૨૬), મહામંત્રી પુનીતાબેન પારેખ (મો. ૯૪૨૭૭ ૨૦૦૯૮), કીરણબેન માંકડીયા (મો.નં. ૯૪૨૭૫ ૬૫૦૧૯) ને શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી દેવાંગ માંકડ, જીતુ કોઠારી, કીશોર રાઠોડ તેમજ શહેર ભાજપના હોદેદારથી લઈ તમામ શ્રેણીનાં કાર્યકર્તાઓ દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી રહી છે.

શનિવારે કે.એસ.પી.સી. દ્વારા પાવર ઓફ પબ્લીક સ્પિકિંગ વિષય પર વાર્તાલાપના કાર્યક્રમનું આયોજન

રાજકોટ તા.૨૫

કચ્છ–સૌરાષ્ટ્ર પ્રોડકટીવીટી કાઉન્સીલના સેન્ટર ફોર મેનેજમેન્ટ ડેવલપમેન્ટ અને ટાટા કેમીકલ્સ લિ.ના સહયોગથી "પાવર ઓફ પબ્લીક સ્પિકીંગ" વિષયે એટીટયુટ ટ્રાન્સફોર્મેશન ટ્રેનર નિરવ ગઢઈના વાર્તાલાપના કાર્યક્રમનું આયોજન રાજકોટ નાગરીક સહકારી બેંક લી.ના ચેરમેન નલીનભાઈ વસાના મુખ્ય મહેમાન પદે તેમજ કાઉન્સીલના પ્રમુખ હસુભાઈ દવેના અધ્યક્ષસ્થાને તા.૨૭ મે ના રોજ સાંજે ૫.૩૦ કલાકે કેએસપીસીના બાન હોલ, ૬ રજપુતપરા, ચેતના ડાઈનીંગ હોલની સામે, રાજકોટ ખાતે કરવામાં આવેલ છે. વાર્તાલાપના કાર્યક્રમની વિગત આપતા નિરવ ગઢઈએ જણાવેલ હતું કે પબ્લીક સ્પિકિંગ એટલે તમારા વિચારોને અનેક લોકો સામે સર્જનાત્મકતાથી રજુ કરવાની કળા. પબ્લીક સ્પિકિંગથી આત્મવિશ્વાસ અને હિમ્મતનો વિકાસ થાય છે. ઉદ્યોગ સાહસિક, બિઝનેસમેન, સેલ્સમેન, મેનેજર્સ, વકીલ, ટીવી એન્કર્સ, અભિનેતા શો સંચાલક, રાજકારણીઓ તેમજ સામાજિક, સાંસ્કૃતિક પ્રવૃતિઓ કરતી સંસ્થાઓના હોદેદારો વિગેરે માટે પબ્લીક સ્પિકીંગ એ ખુબ જ જરૂરી છે.

રજિસ્ટ્રેશન મો મો. ૭૪૦૫૦૬૧૬૩૦ પર સંપર્ક કરી શકાશે.

ડો.વલ્લભભાઈ કથીરીયાની શ્રેયસ હોસ્પિટલનો ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ

રવિવારે રાહતદરે નિદાનકેમ્પ યોજાશે

રાજકોટ તા.૨૫

ડો.વલ્લભભાઈ કથીરીયા કેન્સર સર્જન, પુર્વ કેન્દ્રીય મંત્રી, ગૌ સેવા, અને ગૌચર વિકાસ બોર્ડના અધ્યક્ષની શ્રેયસ મ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ આજે ૩૨ વર્ષ પુર્ણ કરી ૩૩ માં વર્ષમાં મંગલ પ્રવેશ કરશે. આ તકે તા.૨૮ ને રવિવારે રાહત દરે નિદાન કેમ્પ રાખેલ છે.

ડો.વલ્લભભાઈ કથીરીયા ૧૯૮૫ થી પોતાની પ્રાઈવેટ હોસ્પિટલ વિદ્યાનગર મેઈન રોડ પર શરૂ કરી હતી. તેઓ રાહત દરે દર્દીઓને સેવા આપે છે. આ ઉપરાંત તેમની હોસ્પિટલમાં ડો.કે.એમ.દુધાગરા સર્જન તરીકે ડો.વિરૂત પટેલ જનરલ મેડીસીન અને આઈ.સી.યુ.ના નિષ્ણાંત અને ડો.ભુષણ દાઉદીયા ઓર્થોપેડીક સર્જન તરીકે સેવા આપે છે. આ તકે તેમને ઠેર–ઠેર શુભેચ્છાઓ મળી રહી છે.

દિવ્યાંગો માટેની વિવિધ સરકારી યોજનાઓ અંગે નિ:શુલ્ક માર્ગદર્શન

રાજકોટ તા.૨૫



દિવ્યાંગો માટે ગુજરાત સરકાર તેમજ કેન્દ્ર સરકારની અનેકવિધ યોજનાઓ કાર્યરત હોય છે. અપુરતા જ્ઞાન, પ્રમાણમાં સીમીત શિક્ષણ કે નિરક્ષરતા, પેપર વર્ક અંગેની આળસ અને અણઆવડત વિગેરે જેવા કારણોને લઈને મોટાભાગના દિવ્યાંગો સરકારની મળવાપાત્ર યોજનાઓનો લાભ લઈ શકતા નથી અને હેરાન થતા હોય છે. દિવ્યાંગો માટે સતત કાર્યરત, સીનીયર સીટીઝન અને ભુતપુર્વ ગર્વમેન્ટ અધિકારી તેમજ દિવ્યાંગ બાળકો માટેની 'પ્રયાસ' સ્કુલના સેક્રેટરી ભાસ્કરભાઈ પારેખ દ્વારા દિવ્યાંગો માટે "નિઃશુલ્ક માર્ગદર્શન કેન્દ્ર" છેલ્લા એક વર્ષથી ચાલી રહયું છે. જેનો અત્યાર સુધીમાં સેંકડો દિવ્યાંગોને લાભ મળી ચૂકયો છે.

ઉલ્લેખનીય છે કે ભાસ્કરભાઈ પારેખ પોતાનો પુત્ર જિમીશ પણ દિવ્યાંગ છે પરંતુ સતત પુરુષાર્થ ને લઈને જીમીશે અત્યાર સુધીમાં બે વાર રાષ્ટ્રપતિ ચંદ્રક મેળવ્યા છે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તેમજ સ્થાનીક સતાધીશો દ્વારા અનેકોવાર સન્માન મેળવ્યું છે. ભાસ્કરભાઈ પારેખ પણ દિવ્યાંગો અંગેની માહીતી સૌને આપવા ભારત ભરમાં પરીભ્રમણ કરી ચૂકયા છે. વિશેષ માહીતી માટે મો. નં. ૯૪૨૬૩૧૭૭૬ પર સંપર્ક કરી શકાશે.

પૂજા હોબી સેન્ટરમાં વિદ્યાર્થીઓ નેશનલ રોલર સ્કેટીંગ ચેમ્પીયનશીપમાં ભાગ લેશે

અન્ડર ૪ થી ૧૪ના વિદ્યાર્થીઓ ઔરંગાબાદ રવાના થશેઃ બાળકોને મહાનુભાવોએ બિરદાવ્યા

(તસવીર : અરવિંદ વાઘેલા)

રાજકોટ તા.૨૫

ઓરંગાબાદ ખાતે નેશનલ રોલર સ્કેટીંગ ચેમ્પીયનશીપ ૨૦૧૭ આગામી તા.૨ થી ૪ જૂન દરમિયાન યોજાવાની છે. જેમા પૂજા હોબી સેન્ટરમાં અન્ડર ૪ થી ૧૪ થી મોટાના એઈઝગ્રુપમાં ગર્લ્સ બોયઝ એમ –૨ વિભાગમાં યોજાનારી આ કોમ્પીટીશનમાં પૂજા હોબી સેન્ટરનાં બાળકો સ્પીડ સ્કેટીંગ રીંકરેસ–૧, રીંકરેસ–૨, રીલેરેસ તથા આર્ટીસ્ટિક (ફ્રી ફીગર પેર)માં પસંદ થયા છે.

આ બાળકો દર્શિલ ગાંધી, માનવ ચૌધરી, શૌર્ય ભાવસાર, ખ્વાબ અંતવાણી, હિમેશ ચૌધરી, યશ શાહ, કાવ્યાશ પટેલ, અર્જુન બથવાર, સિધ્ધ મહેતા, ખુશ ઠકકર, મીત વાયા, નિસર્ગ કાગડા, કેવિન સિધ્ધપુરા, અમન પારેખ, સીમરન યુગ, તન્ના, ત્વિશા પટેલ, સ્વરા ઉકાણી, ઉપરોકત કોમ્પીટીશનમાં રોલર સ્કેટીંગ પર પોતાનું પ્રભુત્વ બતાવશે.

પુજા હોબી સેન્ટરનાં બાળકો આર્ટીસ્ટીક સ્કેટીંગની ટ્રેનીંગ ડો. પૂજા રાઠોડ, દીપુદીદી તથા પુષ્પાબેન રાઠોડ પાસેથી લઈ રહયા છે.

ઓરંગાબાદમાં આ બાળકો વિજેતા થશે તો આગામી થાઈલેન્ડમાં યોજાનારી ઈન્ટરનેશનલ કોમ્પીટીશનમાં બાળકો ભાગ લઈ શકશે.

સૌરાષ્ટ્ર રોલર સ્કેટીંગ એસોસીએશન રોલબોલ એસોસીએશન તથા સ્કેટબોલ એસોસીએશનના તમામ કમીટી મેમ્બરોએ શુભકામના પાઠવી છે.

ત્રણ દિવસ ઓરંગાબાદમાં યોજાનારી આ સ્પર્ધામાં બાળકો વંદે માતરમની કૃતિ પણ સ્કેટીંગ પર બતાવવાનાં છે. ૬ દિવસ પુને ખાતે યોજાનારી ડાન્સ સ્પર્ધામાં ભાગ લઈ ત્યાંથી જ આ બાળકો ઓરંગાબાદ જવા રવાના થશે. ઓપનીંગ સેરેમની તથા કલોઝીંગ સેરેમનીમાં ભાગ લઈ આ બાળકો પરત ફરશે.

આ બાળકો રાજકોટની પ્રખ્યાત એસ.એન.કે., આર.કે.સી., પોદાર ઈન્ટરનેશનલ, ડી.પી.એસ. સેન્ટમેરીઝ, મોદી સ્કુલ, શાંતવનનાં છે. તથા આર્ટીસ્ટિકની ટ્રેનીંગ છેલ્લા ઘણા વર્ષોથી પૂજા હોબી સેન્ટરમાં લઈ રહયાં છે.

યુવા ભાજપ દ્વારા ઓપન રાજકોટ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટમાં મેયર ડો. જૈમન ઉપાધ્યાય, બંછાનીધી પાની, અનુપમસિંહ ગેહલોતની પ્રોત્સાહક ઉપસ્થિતિઃ વિજેતાઓને પુરસ્કૃત કરી બીરદાવતા મહાનુભાવો

કમલેશ મિરાણી, કીશોર રાઠોડ, પુષ્કર પટેલની પ્રેરક ઉપસ્થિતિ

રાજકોટ શહેર યુવા ભાજપ પ્રમુખ પ્રદીપ ડવ, મહામંત્રી પૃથ્વીસિંહ વાળા, પરેશ પીપળીયાની એક સંયુક્ત અખબારી યાદીમાં જણાવાયું છે કે રાજકોટ શહેરના યુવા ખેલાડીઓને યોગ્ય પ્લેટફોર્મ મળે તે હેતુથી રાજકોટ શહેરમાં રહેતા ખેલાડીઓ માટે રાજકોટ શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીના માર્ગદર્શન હેઠળ રાજકોટ શહેર યુવા ભાજપ દ્વારા ઓપન રાજકોટ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ પંડિત દીનદયાલ ઉપાધ્યાય કપ ૨૦૧૭નું તારીખ ૨૦ મે થી ૬ જુન સુધી ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. જેમાં દરરોજ શહેર ભાજપના તેમજ વિવિધ અગ્રણીઓના હસ્તે વિજેતા ટીમને શીલ્ડ આપી સન્માનીત કરવામાં આવે છે. જે અંતર્ગત રાજકોટના પ્રથમ નાગરીક તેમજ રાજકોટ મહાનગરપાલિકાના મેયર ડો. જૈમન ઉપાધ્યાય, રાજકોટ મહાનગરપાલિકાના કમિશ્નર બંછાનીધી પાની, રાજકોટ શહેર પોલીસ કમિશ્નર અનુપમસિંહ ગેહલોત સહીતના મહાનુભાવોની પ્રોત્સાહક ઉપસ્થિતી રહી હતી. શહેર યુવા ભાજપ મોરચાના અગ્રણીઓ દ્વારા મહાનુભાવોનું પુષ્પગુચ્છ અર્પણ કરી સ્વાગત કરાયું હતું. ઉપસ્થિત મહાનુભાવોએ વિજેતા ટીમ તેમજ મેન ઓફ ધ મેચ સહીતના પુરસ્કારો અર્પણ કર્યા હતા. તેઓએ સહર્ષ જણાવ્યું હતું કે શહેર યુવા ભાજપ પ્રમુખ પ્રદીપ ડવ તેમજ યુવા ભાજપ મહામંત્રી પૃથ્વીસિંહ વાળા, પરેશ પીપળીયાની આગેવાનીમાં આયોજીત પં. દીનદયાલ ઉપાધ્યાય કપ દ્વારા રાજકોટના યુવાનોનું શરીર સોષ્ઠવ વધુ સુદ્રઢ બનશે. ખેલદીલી વધશે, તાણમુક્તિ થશે. લીડરશીપના ગુણો ઉમેરાશે, સંગઠીતતા, સંકલન અને રાષ્ટ્રભાવનામાં વધારો થશે.

આત્મીય એન્જીનિયરીંગ કોલેજના વિદ્યાર્થીઓની સિધ્ધિ

ખેડુતો માટે અત્યંત ઉપયોગી જમીન ચકાસણી માટેનું પોર્ટેબલ કેલોરીમીટર બનાવ્યું

રાજકોટ તા.૨૫

આપણો દેશ આજની ૨૧મી સદીમાં પણ ખેતીવાડીના સંદર્ભમાં હજુ ઘણી બધી મુશ્કેલીઓનો સામનો કરે છે. ખેડૂતમિત્રો ખેતઉત્પાદન માટે વપરાતી જમીન વિષેની કેટલીક અગત્યની માહિતીથી અજાણ હોય છે. જેથી તેઓ જમીન નો મહત્તમ ઉપયોગ કરી શકતા નથી પરિણામે પૂરતું ખેતઉત્પાદન મેળવી શકાતું નથી. તેમને જમીનમાં રહેલ ગુણતત્વોની ચકાસણી માટે આસપાસની લેબોરેટરીમાં માટી જમા કરાવી પડે છે. આ લેબોરેટરી વડે માટીમાં રહેલ વિવિધ જરૂરી ગુણતત્વો ના પ્રમાણની ચકાસણી કરે છે . આ બધી પ્રોસેસ થતા વધુ સમય પસાર થઇ જાય છે. જેથી ખેડૂતમિત્રોને ટૂંક સમયમાં પરિણામને અભાવે તેઓ ગુણવતાપૂર્વક પાકનો ઉત્પાદન કરી શકતા નથી.

આવા કારણોને ધ્યાનમાં રાખીને એક સંપૂર્ણ પણે અલગ રીતે એક નવી પદ્ધતિનો ઉપયોગ કરીને આત્મીય કોલેજના ઇલેક્ટ્રોનિક્સ એન્ડ કૉમ્યૂનિકેશન ડીપાર્ટમેન્ટ ના વિદ્યાર્થીઓ સ્વેતા કાકડિયા, ઉર્વીશા અંદાણી, યજ્ઞેશ પરમાર અને જયેશ વટવાની એ કલરીમીટર બનાવ્યુ છે. જેના દ્વારા જમીનના તત્વોનું માપન ખેડૂતો પોતાની જાતે જ માટીનો નમૂનો લઇ ટૂંક સમયમાં કરી શકે છે. માટીના નમુનાની થતી સલ્ફર-બોરોન ઓર્ગેનિક કાર્બનની ટેસ્ટ કેલોરીમીટર દ્વારા થાય છે . આ કેલોરીમીટર માં ખેડૂતો પોતાની જાતે ટેસ્ટ કરી પરિણામ જાણી શકે છે તેના માટે તેને લેબોરેટરી માં જવાની જરૂર પડતી નથી. આ કેલોરીમીટર દ્વારા કલાકમાંજ ખેડૂત પોતે જાતે પરિણામ લઇ ક્યાં તત્વોની જમીનમાં જરૂર છે તે નક્કી કરી શકે છે. આ પરિણામ ને આધારે ખાતર ની પસંદગી કરી શકાય છે અને પાણી ની જરૂરીયાત જાણી શકાય છે.

ડીપાર્ટમેન્ટ ના વડા ડો. આશિષ કોઠારીએ આ પ્રોજેક્ટ ને આત્મીય કોલેજ ના ઇલેક્ટ્રોનિક્સ એન્ડ કૉમ્યૂનિકેશન ડીપાર્ટમેન્ટ તરફથી સમાજને ઉપયોગી એવા દર વર્ષે વિદ્યાર્થીઓ દ્વારા બનાવતા પ્રોજેક્ટસ માં નો એક ગણાવતા જણાવ્યું કે આ પ્રોજેક્ટ ખેડૂતો માટે ખુબજ ઉપયોગી થઇ શકશે.

સંસ્થાના પ્રિન્સિપાલ શ્રી ડો. જી. ડી.આચાર્યએ વિદ્યાર્થીઓ તથા ડીપાર્ટમેન્ટ ના કામ ને બિરદાવતા જણાવ્યું છે કે આત્મીયના વિદ્યાર્થીઓ સમાજ કલ્યાણને લગતા અને પર્યાવરણમાં વ્યવસ્થા જાળવવામાં મદદરૂપ થતા પ્રોજેક્ટસ બનાવતા જ રહે છે. આ જ રીતે ટેકનોલોજીના ઉપયોગથી ખેતીની પદ્ધતિઓમાં ભવિષ્યમાં આધુનિકતા લાવી શકાશે તેવી આશા વ્યક્ત કરી હતી.

સંસ્થાના ડિરેક્ટર શ્રી ડો. જે. એન. શાહએ ડીપાર્ટમેન્ટને આ સિદ્ધિ બદલ બિરદાવેલ અને ભવિષ્યમાં આવીજ રીતે સમાજને ઉપયોગી થતા રહેવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. આત્મીય સંસ્થાના સેક્રેટરી શ્રી ત્યાગવલ્લભ સ્વામીજીએ વિધાથીર્ઓને અભિનંદન પાઠવેલા છે.

શિક્ષણ ક્ષેત્રે વિવિધ તક અને માર્ગદર્શન એક જ સ્થળેથી મળી રહે તેવા હેતુ સાથે

૧૪,૧૫,૧૬ જૂનના રોજ અમદાવાદ ખાતે યોજાશે ગ્રાન્ડ એજયુકેશન ફેર

૬૦થી વધુ યુનિવર્સિટી, ૧૫૦થી વધુ કોલેજ અને ૧૦ જેટલી વિદેશી સંસ્થાઓ ભાગ લેશે

ગાંધીનગર તા.૨૫

વિદ્યાર્થીઓને કારકિર્દી ઘડતર માટે વિવિધ તકો મળી રહે તથા શિક્ષણના અનેક ક્ષેત્રોમાંથી પોતાની પસંદગી મુજબ યોગ્ય પસંદગી વિદ્યાર્થીનિ મળી શકે તથા વિદ્યાર્થીઓ અને વાલીઓને શિક્ષણ સંબંધી કોઈ મુંઝવણ કે સમસ્યા હોય તો તેનો એક જ જગ્યાથી ઉકેલ મળી રહે તેવા ઉમદા હેતુ સાથે તા.૧૪-૧૫-૧૬ જુન-૨૦૧૭ દરમિયાન ગ્રાન્ડ એજ્યુકેશન ફેરનું આયોજન કરવામાં આવ્યું છે. રાજય સરકારના શિક્ષણ વિભાગ, નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત, અમદાવાદ અને ગુજરાત યુનિવર્સિટીના સંયુકત ઉપક્રમે જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડ, અમદાવાદ ખાતે આ ગ્રાન્ડ એજ્યુકેશન ફેર યોજાશે. આ કાર્યક્રમની તમામ માહિતી મળી રહે તે માટે આજે ૨૪ મે ના રોજ શિક્ષણ મંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ વેબસાઈટ .યમીભફશિંઝક્ષરફશવિીષફફ્રિ.િંઝલિ લોન્ચ કર્યુ હતું. આ ફેર સાથે વિદ્યાર્થીઓને રાજય સરકારની સ્ટાર્ટઅપ અને ઈનોવેશન પોલીસી અંગેની વિસ્તૃત માહિતીઓ વિદ્યાર્થીઓ–વાલીઓને સરળતાથી મળી શકે તે માટે વિવિધ સેમીનારનું આયોજન પણ કરવામાં આવેલ છે. આ સેમિનારમાં ભાગ લેવા માટે વિદ્યાર્તીઓએ આ વેબસાઈટ પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.

આ એજયુકેશન ફેર અંગે પત્રકારોને માહિતી આપતા શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યુ હતું કે, આ ગ્રાન્ડ એજ્યુકેશન ફેરમાં વિદ્યાર્થીઓ અને વાલીઓ વિવિધ કોલેજ, યુનિવર્સિટીઓ, વિદેશી શૈક્ષણીક સંસ્થાઓ તેમાં ઉપલબ્ધ વિવિધ કોર્ષ પ્રવેશ પ્રક્રિયા, ફીનું ધોરણ વગેરે અંગેની માહિતી એક જ સ્થળે મળી રહેશે. તેઓ યુની. અને કોલેજના પ્રતિનિધિ સાથે સીધી વાતચીત કરી અને માર્ગદર્શન અને રોજગાર ક્ષમતા અંગેની માહિતી મેળવી શકશે. આ એજયુકેશન ફેરમાં રાજયમાં આવેલી ૬૦થી વધુ ૧૫૦થી વધુ કોલેજ અને ૧૦ જેટલી વિદેશી શૈક્ષણીક સંસ્થાઓ ભાગ લેનાર છે. ગ્રાન્ડ એજયુકેશન ફેરમાં ૫૦,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને વાલીઓ મુલાકાત લે તેવો અંદાજ છે. રાજય સરકારની આ વર્ષથી અમલમાં આવેલી વિદ્યાર્થીઓ માટેની ટેબલેટ યોજના અંગેની માહિતી પણ આ ફેરમાં મળી રહેશે. આ માટે ખાસ સ્ટોલ અને તમામ માહિતી સાથે જાહેરાત ફેર દરમિયાન કરવામાં આવશે.